### ઉત્તરાયણને મોંઘવારીનું ગ્રહણ..!!

# જિલ્લામાં ઉત્તરાયણ પૂર્વે પતંગ દોરીના ભાવમાં ૨૦ ટકાનો વધારો

બાયડ, તા.૦૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પતંગ રસિયાઓ આતુરતાપૂર્વક ઉત્તરાયણની રાહ જોઈ રહ્યા છે ત્યારે આ વર્ષે પતંગ-દોરીના ભાવમાં અગાઉથી ૧૦ ટકાનો ભાવ વધારો ઝીંકાયો છે. ઉત્તરાયણના પર્વને મોંઘવારીનું ગ્રહણ લાગતાં દર વર્ષે ૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો ઝીંકાતો આવ્યો છે.

જિલ્લામાં ઉત્તરાયણ પર્વ નજીક આવતાં બજારમાં પતંગ-દોરીનું આગમન થઈ ચૂક્યું છે. જ્યારે રજાના દિવસોમાં તો પતંગ રસિયાઓ ધાબે ચડી પતંગ ચગાવતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં દરેક તહેવારોમાં કોઈને કોઈ બહાને જરૂરી ઉપયોગી ચીજવસ્તુઓમાં ભાવ વધારો ઠોકી બેસાડાતો હોય છે. જિલ્લામાં પતંગ પર્વ પૂર્વે કાગળ તેમજ વાંસની લાકડીઓમાં ભાવ વધ્યા હોવાનું બહાનું આગળ ધરી પતંગ બનાવનારા કારીગરોએ ભાવમાં વધારો કરી દીધો છે. જિલ્લામાં ઉત્તરાયણ પૂર્વે વેપારીઓએ સારા વેચાણની આશા સાથે પતંગ-દોરીનો માલ સ્ટોક કરી દીધો છે પરંતુ આ વર્ષે ભાવમાં ૨૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં પતંગ પર્વને મોંઘવારી આભડી જતાં પતંગ-દોરીના ભાવમાં અગાઉથી જ વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ઉત્તરાયણ પર્વને આડે ગણતરીના દિવસો બાકી રહેતાં દોરી પીવડાવવાના ઉસ્તાદોએ અત્યારથી દોરી પીવડાવવાના ચરખા ઉભા કરવાની શરૂઆત કરી દીધી છે. જિલ્લામાં પતંગ પર્વ નજીક આવતું જાય છે તેમ પતંગના વેચાણમાં વધારો થતો હોવાનું સ્થાનિક વેપારીઓ જણાવી રહ્યા છે. પતંગ-દોરીના ભાવમાં ઝીંકાયેલા ભાવ વધારાથી મોટા વેપારીઓ કરતાં ગામડાંના નાના વેપારીઓ પર વધુ ભાર પડતો હોવાનું જાણવા મળ્યું છે.



# સાબરકાંઠા-અરવલ્લીમાં ત્રણ કરોડના પતંગ-દોરાનો ધંધો

### હજારો બેરોજગારોને રોજગારી મળી : દોરી પીવડાવનારા પરપ્રાંતના ઉસ્તાદો ઉતરી પડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ઉત્તરાયણનું પર્વ નજીક આવતાં ઠેર ઠેર પતંગ દોરાની દુકાનો શરૂ થઈ ગઈ છે. બંન્ને જિલ્લામાં ઉત્તરાયણ પર્વ સુધીમાં રૂા.૩ કરોડથી પણ વધુનો પતંગ-દોરાનો ધંધો થશે જેના કારણે હજારો બેરોજગારોને અત્યારથી રોજગારી મળતી શરૂ થઈ ગઈ છે. સાંજ પડે આકાશ રંગબેરંગી પતંગોથી શોભાયમાન બની રહ્યું છે. જ્યારે દોરી પીવડાવનારા પરપ્રાંતના ઉત્સાદોએ શહેરી વિસ્તારોમાં ઉતરી પડતાં ઉસ્તાદોનું દોરી પીવડાવવાનું કૌશલ્ય જોવા પતંગ રસિયાઓ સવાર-સાંજ ટોળે વળી રહ્યા છે.

વાયબ્રન્ટ પતંગ મહોત્સવની અસરો હવે જોવા મળી રહી છે. ટાબરીયાં, યુવાઓ અને વૃદ્ધો પણ હવે પતંગ ઉડાડવાની મજા માણી રહ્યા છે. અત્યારથી જ ઉત્તરાયણ પર્વની તડામાર તૈયારીઓ બંન્ને જિલ્લાઓના ગામડાઓમાં જોવા મળી રહી છે. તમામ શહેરી મથકો અને ગામડાઓમાં પતંગ-દોરાની દુકાનો ઉભી થઈ ગઈ છે. ઠેર ઠેર માંજો તૈયાર દોરીની ફીરકીઓનો જમાવડો લાગ્યો છે તેમજ અવનવી વેરાયટીના પતંગો પણ પતંગ રસિયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીના વર્ષો કરતાં પતંગ રસિયાઓમાં પર્વ ઉજવણીનો વધુ ઉત્સાહ જોવા મળતો હોય તેમ સમી સાંજે ધાબા-અગાસીઓ પતંગ રસિયાઓથી રીતસરના ઉભરાઈ રહ્યા છે અને એ કાઈપ્યો..ના બુલંદ નારા અને ચીચીયારીઓ સાંભળવા મળી રહી છે. એક અંદાજ અનુસાર પતંગ પર્વ સુધીમાં જિલ્લામાં રૂા.૩ કરોડથી પણ વધુની કિંમતના પતંગ-દોરા અને તેને લગતી સામગ્રીનું વેચાણ થવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.



# ખેડૂતોની ફરી કુદરત દ્વારા આકરી પરીક્ષા - સાબરકાંઠા અરવલ્લી ઉપર ફરી એકવાર માવઠાની આફત મંડરાઈ

### ૬-૭ જાન્યુઆરીએ કેટલાંક વિસ્તારોમાં કમોસમી માવઠાની આગાહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળોની જમાવટથી ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે ત્યારે હવામાન વિભાગે સાબરકાંઠા-અરવલ્લીમાં તા.૬-૭ જાન્યુઆરીએ કેટલાંક વિસ્તારોમાં કમોસમી માવઠા વરસવાની આગાહી કરી છે. લાગે છે કે ફરી એકવાર કુદરત ખેડૂતોની આકરી કસોટી કરવા જઈ રહી છે.

વીતેલાં વર્ષના પાછલા બે મહિનામાં ચાર માવઠાથી ખેડૂતો તબાહ થયા પરંતુ તેમને સહાયના નામે ઠાલા આશ્વાસનો સિવાય કશું જ પ્રાપ્ત થયું નથી. માવઠાની આગહી થાય, વાદળો ઘોરંભાય પછી કમોસમી માવઠું વરસે કે ન વરસે પરંતુ ખેતીપાકમાં રોગચાળાનો ભય ઉભો થતો હોય છે. કમોસમી માવઠાથી બાગાયતી પાકને વધુ નુકસાન અને રોગચાળાનો ભોગ બનવું પડે છે. પરંતુ હવે કમોસમી માવઠાએ હદ વટાવતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતો પોતાના ભાગ્ય ઉપર રડવા લાગ્યા છે. જ્યાં કુદરત જ વેરી બની હોય ત્યાં કોને ફરીયાદ કરીએ તેવો ચિતકાર વ્યક્ત કરી રહ્યા છે. વિદાય લેતા વર્ષમાં કોરોના સહિત અનેક વિષમ સંકટોથી ખેડૂતો બેહાલ થયા પરંતુ નવો અંગ્રેજી વર્ષ સારું જાય તેની પ્રાર્થના કરતા જોવા મળ્યા પરંતુ નવા વર્ષના આરંભના પ્રથમ સપ્તાહથી ખેડૂતો ઉપર કમોસમી માવઠાનો માર હાવી થઈ ગયો છે. હવામાન ખાતાની આગાહી મુજબ તા.૫ થી ૭ જાન્યુઆરી દરમ્યાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસી શકે છે. માવઠા પછી ઠંડીનું જોર વધવાની સંભાવના છે. જિલ્લામાં રવી અને બાગાયતી પાકોનું બમ્પર વાવેતર થયું અને હવે જો કમોસમી માવઠું વરસે તો ખેડૂતો બમ્પર પાક ઉત્પાદનની રાખેલી આશા ઉપર પાણી ફરીવડે તેવી પૂરેપૂરી દહેશત સેવાય છે.



# ઉત્તર ગુજરાતના ખેડૂતોમાં ખાતરમાં ભાવ વધારાથી રોષ વધવાની દહેશત

### વધુ રૂા.૨૫૦નો ભાવ વધારો અમલી બને તેવી સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

રવી ખેતીમાં પોટાશ ખાતરની માંગમાં ઉછાળો થઈ રહ્યો છે ત્યારે એન.પી.કે. ખાતરમાં બોરી દીઠ રૂા.૨૫૦ નો વધારો અમલી બનવાની સંભાવના છે જેથી ખાતરમાં ભળકે બળતાં ભાવથી ખેડૂતોનો રોષ વધવાની દહેશત છે. ઉત્તર ગુજરાતના આઠ લાખ ખેડૂતોને ભાવ વધારો દઝાડી શકે છે. અત્યારે પોટશ ખાતરનો ભાવ ૧ બોરી દીઠ રૂા.૧૭૦૦ સુધી પહોંચ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખેડૂતોના અચ્છે દિન ક્યારે આવશે તેની સૌ કોઈ પૃચ્છા કરી રહ્યા છે. જગતનો તાત માત્ર ચુંટણી ટાણે જ સરકારો અને જે તે રાજકીય પક્ષોને સાંભળતો હોય છે. ચુંટણી આવે એટલે મત મેળવવા અનેક રાજકીય પક્ષોના આગેવાનો મગરના આંસુ સારતા હોય છે ત્યારે કેન્દ્ર ભાજપ સરકારે ખેડૂતોના ખાતામાં દર વર્ષે સીધા રૂા.૬૦૦૦ હજાર જમા કરીને આપેલું વચન પાળી બતાવ્યું છે પરંતુ આચમનરૂપ સહાથી ખેડૂતોનો કોઈ મોટો ઉદ્ધાર થાય તેવું નજીકના ભવિષ્યમાં દેખાતું નથી. પાક ઉપજના પોષણક્ષમ ભાવ એકંદરે ઠીક-ઠીક મળી રહ્યા છે. પરંતુ ખાનગી વેપારીઓ સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ કરતાં વધુ ભાવ આપી ખેડૂતો પાસેથી પાકની ખરીદી કરતાં અત્યાર સુધી ખેડૂતોને વેપારીઓએ લૂંટવામાં કોઈ કસર રાખી ન હોવાનું ચિત્ર ઉપસ્યું છે. જ્યારે સરકાર ખેડૂતોને સહાય કરે છે પરંતુ ખાતર સહિતની રાસાયણિક દવાઓના ભાવમાં વધારો કરી એક હાથે આપી બીજા હાથે ખંખેરી લેતા હોવાનો આરોપ ખેડૂત સમાય લગાવી ચૂક્યો છે ત્યારે પોટાશ ખાતરમાં જે રીતે ભાવવધારો થઈ રહ્યો છે તે જોતાં ખેડૂત સંગઠનો અને ખેડૂત આગેવાનો સરકાર સામે મોરચો માંડવાનું વિચારી રહ્યા છે. કેટલાંક ખેડુતોના જણાવ્યા અનુસાર અગાઉ રૂા.૮૫૦ માં મળતી ૧ બોરી પોટાશ ખાતર આજે રૂા.૧૭૦૦ એ પહોંચ્યું છે. આટલી મોંઘવારી સોના-ચાંદીના ભાવમાં પણ જોવા મળતી નથી. જ્યારે એન.પી.કે. ખાતરમાં ભાવ વધાર્યા પછી કેન્દ્ર સરકારના કેટલાંક મંત્રીઓએ ખેડૂતોને રાહત થાય તે માટે સબસીડી વધારવા સરકારમાં રજુઆત કર્યાનું જાણવા મળ્યું છે. સબસીડી જ્યારે વધશે ત્યારે વધશે પરંતુ અત્યારે ખેડૂતોને રવી વાવેતરમાં પોટાશ ખાતરનો પટ આપ્યા વગર છૂટકો નથી. મોટાપાયે ખાતરની ખરીદી કર્યા પછી સબસીડી આપવાનો કોઈ અર્થ નથી.




# વિકરાળ ટ્રાફીક સમસ્યા : બાયડ માટે અનિવાર્ય બનતો બાયપાસ

### બાયપાસને મંજુરી મળે તો અકસ્માતોનું પ્રમાણ ઘટે : ઓવરબ્રીજ માટેની વિચારણા શરૂ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડની પ્રજા વિકરાળ બનતી ટ્રાફીક સમસ્યાથી અકળાઈ ઉઠી છે. દરરોજ એકાદ-બે અકસ્માતમાં વાહન ચાલકો ગંભીર રીતે ઘાયલ થઈ રહ્યા છે ત્યારે બાયડ માટે હવે બાયપાસ રોડની જરૂરીયાત હોવાની માંગ બુલંદ થઈ છે. વહિવટીતંત્ર દ્વારા સરકાર સમક્ષ બાયપાસ રોડ માટે સત્વરે દરખાસ્ત કરવામાં આવે તેવી પ્રજા અને વેપારીઓની માંગ જોર પકડી રહી છે. બાયપાસને મંજૂરી મળે તો અકસ્માતનું પ્રમાણ ઘટે તેમ છે. જે રીતે બાયડમાં જમીનના ભાવ ઉંચકાઈ રહ્યા છે તે જોતાં બાયપાસ સંભવ ન હોય તો સત્વરે ઓવરબ્રીજ માટે વિચારણા કરવી જોઈએ તેવી માંગને જબરૂ સમર્થન મળી રહ્યું છે.

મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ હાઈવેના નવીનીકરણ પછી મોટા વાહન ચાલકો રૂા.૧૦૦૦ સુધીનો ટોલટેક્ષ બચાવવા માટે સદર માર્ગે દોડતા થઈ જતાં સતત ૨૪ કલાક વાહનોની તેજ રફતારથી સ્ટેટ હાઈવે નં.૫૯ જોખમી બની રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી બાયડ બસ સ્ટેન્ડ થી પોલીસ સ્ટેશન સુધીના દોઢ કી.મી. વિસ્તારમાં અકસ્માતોનું પ્રમાણ વધવાની સાથે કેટલીક નિર્દોષ જીંદગીઓએ જીવ ગુમાવ્યા છે. પોલીસને માત્ર લટાર મારવામાં રસ છે અને ટ્રાફીક નિયમનના નામે પોલીસ તંત્ર ઠોઠ નિશાળીયા જેવું પૂરવાર થયું છે. શૈક્ષણિક સંકુલોમાં છાત્રોની સંખ્યા વધતાં ખાસ કરીને શાળા શરૂ થવા અને શાળા છૂટવાના સમયે તેજ રફતારથી દોડતા વાહનો કોઈના ઘરનો ચિરાગ બુઝાવી દે તે રીતે જોખમી સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ૬૦ દિવસમાં બાયડના વિકાસપથ સાથે જોડાયેલા માર્ગ ઉપર નાના-મોટા ૧૬ અકસ્માત સર્જાયા છે જેમાં બે જણને કાયમી અપંગતા આવે તેવી સ્થિતિ ઉભી થઈ છે. સતત વકરતી ટ્રાફીક સમસ્યાના કારણે વેપારીઓ પણ ખફા થયા છે. નાના-મોટા વાહનો પાર્ક કરવા માટે યોગ્ય સવલત નથી જેથી વાહનો મુખ્ય માર્ગ ઉપર પાર્ક થઈ જતાં હોવાથી તેજ રફતારથી દોડતાં વાહનો વધુ ને વધુ જોખમી બનવા લાગ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા નવરચિત અરવલ્લી જિલ્લાને નવા વર્ષમાં બાયપાસ રોડની ભેટ આપવામાં આવે તેવી માંગ બુલંદ થઈ છે.



# ઉત્તરાયણે આદિવાસી વિસ્તારમાં દેવચકલી ઉડાડી વર્ષફળ જોવાશે

### જિલ્લામાં આદિવાસીઓની પરંપરા અકબંધ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જંગલના સાનિધ્યમાં વસવાટ કરતી આદિવાસી પ્રજાએ વર્ષોથી પરંપરાગત પ્રણાલિકાઓ જાળવી રાખી છે. સામાન્ય રીતે જ્યોતિષમાં વર્ષફળ જાણવા માટે ગ્રહોનો સહારો લેવાય છે પરંતુ પ્રકૃતિની ગોદમાં ઉછળતી આદિવાસી પ્રજામાં વર્ષફળ જાણવા માટે ઉત્તરાયણના દિવસે યુવાનો જંગલમાં જઈ દેવચકલી નામના નાનકડા પક્ષીને પકડીને ગામમાં લાવે છે અને વાજતે ગાજતે તેને ઘી, ગોળ, તલ ખવડાવી જંગલમાં ઉડાડતા હોય છે જેમાં ચકલી લીલા વૃક્ષ ઉપર બેસે તો વર્ષ સારૂ અને સૂકા વૃક્ષ ઉપર બેસે તો આગામી વર્ષ નબળુ રહેશે તેવું ફળ માનવામાં આવતું હોય છે.

અરવલ્લીની ગીરીકંદરાઓ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સુધી વિસ્તરેલી છે. જિલ્લામાં વસતી મોટા ભાગના જ્ઞાતિ સમુહોમાં રહેણી કરણી અને ભાષાનો સામાન્ય ફેર જોવા મળતો હોય છે પરંતુ પ્રકૃતિના સાનિધ્યમાં વસતી ખડતલ આદિવાસી પ્રજા આજે પણ શુદ્ધ અને સાત્વિક ભોજનથી તંદુરસ્તી જાળવવામાં સફળ રહેતી જોવા મળે છે. આદિવાસી પ્રજામાં ચડોતરા જેવા કેટલાક રૂઢી રીવાજને કારણે આ સમાજની બદનામી જરૂર થતી હોય છે પરંતુ બંન્ને જિલ્લામાં વસતા આદિવાસી સમુદાયોમાં સારા રીતીરીવાજો ભાગ્યે જ લોકો સમક્ષ ઉજાગર થતા હોય છે. જિલ્લામાં દર વર્ષે ઉત્તરાયણના દિવસે આદિવાસી પ્રજામાં આગામી વર્ષનું ફળ જાણવા માટે અનોખી રીત અપનાવાતી હોય છે. ઉત્તરાયણના દિવસે આદિવાસી યુવાનો ગેડીદડો રમવા માટે એકઠા થાય છે અને ત્યાર પછી ગામના મુખી કે વડીની રજા લઈ યુવાનો જંગલ તરફ દોટ મૂકતા હોય છે અને દેવચકલીને એક ઝાડથી ઉડાવી ક્યાંય બેસવા દેતા નથી અને જ્યારે દેવચકલી થાકીને કોઈ વૃક્ષ ઉપર બેસે ત્યારે યુવાન વૃક્ષ ઉપર ચડી દેવચકલીને પકડી લીધા પછી ચીચીયારીઓ પાડતા ગામમાં લાવતા હોય છે અને દેવચકલીને ઘી, ગોળ, તલ ખવડાવી પૂરા સન્માન સાથે દેવચકલીને ફરીથી જંગલમાં ઉડાડી મૂકાય છે જેમાં આગામી વર્ષ સારૂ હોય તો ચકલી લીલા ઝાડ ઉપર બેસતી હોવાની માન્યતા છે જ્યારે નબળુ વર્ષ હોય તો દેવચકલી સૂકા વૃક્ષ ઉપર બેસે તેવી માન્યતાને અનુરૂપ વર્ષફળ નક્કી કરવામાં આવતું હોય છે. જિલ્લામાં મોટા ભાગના વિસ્તારોમાં હોળીની જાળ જોઈ વર્ષફળ જાણવાની પરંપરા આજે પણ અકબંધ રહી છે તે જ રીતે આદિવાસી વિસ્તારોમાં દેવચકલી ઉડાડવાની પ્રથા યથાવત રહેતાં આદિવાસી યુવાનોમાં તેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ઉત્તરાયણના આનંદમાં અત્યારથી જ ઢોલ ઢબુકવા લાગ્યા છે.

# સાબરકાંઠા એસ.ટી. ડિવિઝનને ખાનગી વાહનોથી દૈનિક ૧.૫૦ લાખનો ફટકો

### એસ.ટી. વિભાગને આવક વધારવામાં રસ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખાનગી વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થતાં બંન્ને જિલ્લામાં એસ.ટી. વિભાગની ખાનગી વાહનોની દોડાદોડીથી દૈનિક આવકમાં રૂા.૧.૫૦ લાખનો ફટકો પડી રહ્યો છે. જિલ્લામાં પોલીસ અને આર.ટી.ઓ.ના હપ્તારાજથી શટલિયા વાહન બસ મથક નજીકથી મુસાફરો ઉઠાવી રહ્યા છે. એસ.ટી. વિભાગને આવક વધારવામાં જરાય રસ ન હોય તે રીતે તમામ બસ મથકો નજીક ખાનગી વાહનોનો સવારથી જમાવડો થઈ જતો હોય છે.

એસ.ટી. વિભાગ ડીઝલમાં સામાન્ય ભાવ વધારો ઝીંકાય એટલે તરત ભાડાના દરમાં વધારો કરતાં અચકાતું નથી. સતત ખોટનું એકમ બની રહેલા એસ.ટી. વિભાગમાં આવક વધારાના કોઈ ઠોસ કદમ આજ દિન સુધી ઉઠાવાયા નથી. અગાઉ એસ.ટી. બસ મથકની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં ખાનગી વાહનોમાં મુસાફરો ભરવા બાબતે પ્રતિબંધ લગાવાયો છે પરંતુ તેનું ક્યાંય પાલન ન થતાં જિલ્લામાં શટલિયા વાહનો એસ.ટી. બસોની સમાંતરે દોડવા લાગ્યાં છે. જિલ્લામાં બાયડ-મોડાસા, મોડાસા-હિંમતનગર, હિંમતનગર-શામળાજી, મોડાસા-શામળાજી, મોડાસા-માલપુર, મેઘરજ-માલપુર, વડાલી-ખેડબ્રહ્મા, ઈડર-હિંમતનગર, હિંમતનગર-પ્રાંતિજ, તલોદ-હિંમતનગર સહિતના માર્ગો ઉપર ખાનગી વાહનોનું વર્ચસ્વ વધી જતાં એસ.ટી. વિભાગની દૈનિક આવકમાં રૂા.૧.૫૦ લાખનો અંદાજીત ફટકો સહન કરવો પડતો હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. જિલ્લામાં મોટાભાગના રૂટ ઉપર શટલિયા વાહનો એસ.ટી. બસની સમાંતરે દોડવા લાગ્યા છે અને મુસાફરો ભરવામાં આર.ટી.ઓ.ના નિયમને નેવે મૂકી દેવાતાં માર્ગ અકસ્માતમાં નિર્દોષ જીંદગીઓ હણાઈ રહી છે.

એસ.ટી. બસની સલામત સવારી મુસાફરોને આકર્ષવામાં નિષ્ફળ ગઈ હોય તેમ મોટા ભાગના વિસ્તારોમાં મુસાફરી માટે ખાનગી વાહનો ઉપર પસંદગી થતી હોય છે. જિલ્લામાં એસ.ટી. બસ મથકો નજીકથી ખાનગી વાહન ચાલકો મુસાફરો ભરવા માટે મોટા ઉપાડાથી મુસાફરોને બોલાવતા હોય છે છતાં એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીઓને તે સંભળાતું નથી. છેલ્લા કેટલાય સમયથી એસ.ટી. બસની સમાંતરે દોડતાં વાહનોની સંખ્યામાં વધારો થતાં એસ.ટી.ની આવકને ફટકો થઈ રહ્યો છે ત્યારે એસ.ટી.ના જવાબદારો ખાનગી વાહનો ઉપર અંકુશ મૂકી આવક વધારવાના પ્રયાસો હાથ ધરે તે જરૂરી બન્યું છે.

